# વાપી મહાનગરપાલિકાની ગૃહ નિર્માણ અને ઉદ્યાન સમિતિની કાર્યવાહી નોંધ

## તા.૦૨/૧૧/૨૦૨૬

.....

વાપી મહાનગરપાલિકાની ગૃહ નિર્માણ અને ઉદ્યાન સમિતિની સભા આજ તા.૦૨/૧૧/૨૦૨૬ને સોમવારના રોજ સવારે ૧૧:૩૦ કલાકે ચેરપર્સનશ્રીના અધ્યક્ષસ્થાને વાપી મહાનગરપાલિકાની મુખ્ય કચેરીના બીજા માળે આવેલ સભાખંડમાં એજન્ડાના કામોના નિકાલ માટે મળી.
જેમાં નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર/ગેરહાજર રહેલ હતા.

હાજર/ગેરહાજર રહેલ સભ્યશ્રીઓ

| અ.નં. | સભ્યશ્રીનું નામ | હોદ્દો | હાજર/ગેરહાજર |
|---|---|---|---|
| 1 | શ્રીમતી દેવલ દિપકભાઈ દેસાઈ | ચેરપર્સનશ્રી | હાજર |
| 2 | શ્રીમતી ઉન્નતિ રિકેનભાઈ પટેલ | સભ્યશ્રી | હાજર |
| 3 | શ્રીમતી ઉષા વિજયભાઈ ઢોલરિયા | સભ્યશ્રી | હાજર |
| 4 | શ્રી કૌશિક પ્રલાદભાઈ પટેલ | સભ્યશ્રી | હાજર |
| 5 | શ્રીમતી દક્ષાબેન જગદીશભાઈ પટેલ | સભ્યશ્રી | હાજર |
| 6 | શ્રી શમસુદ્દીન નુરૂદ્દીન ચૌધરી | સભ્યશ્રી | ગેરહાજર |
| 7 | શ્રી વિપુલચંદ્ર લાલુભાઈ પટેલ | સભ્યશ્રી | હાજર |
| 8 | શ્રીમતી જેતલ મંગેશ પટેલ | સભ્યશ્રી | ગેરહાજર |
| 9 | શ્રીમતી પ્રિયંકા ચેતન કહાર | સભ્યશ્રી | હાજર |

આજની સભામાં કોરમ થવાથી સભાનું કામકાજ શરૂ કરવામાં આવ્યું. સભ્યશ્રીઓનો હાજરી રિપોર્ટ વંચાણે લઈ તેઓની રજા મંજૂર રાખી સભાની આગળની કાર્યવાહી શરૂ કરવામાં આવી.

**કામ નં. ૦૧ – વાપી મહાનગરપાલિકા વિસ્તારમાં સરકારશ્રીની ગાઈડલાઈન્સ મુજબ ડુંગરા ખાતે સુગમ્ય ગાર્ડન ડેવલોપમેન્ટ કરવાના કામે જગ્યા નકી કરવા તથા સરકારશ્રીમાં જરૂરી દરખાસ્ત કરવા બાબત.**

વાપી મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશ્નરશ્રી દ્વારા ઉક્ત વિષય અન્વયેની દરખાસ્ત આજની સભામાં રજુ કરવામાં આવેલ જેમાં જણાવ્યા મુજબ ગુજરાત સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો તા.૨૭-૦૫-૨૦૨૬ નો ઠરાવ ક્રમાંક UDUHD/BGT/e-File/18/2025/8150/DH, તથા તા.૧૫-૦૭-૨૦૨૬ નો ઠરાવ ક્રમાંકઃ UDUHD/BGT/e-File /18 /2025 /8151/DH હેઠળના પત્રથી નાયબ સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર દ્વારા રાજય તેના સર્વસમાવેગી, ટકાઉ અને નાગરિક કેન્દ્રિત શહેરી વિકાસના વિઝનને અનુરૂપ, સમાજના તમામ વર્ગો ખાસ કરીને દિવ્યાંગ વ્યક્તિઓ, વરિષ્ઠ નાગરિકો, અને વિશેષ જરૂરિયાત ધરાવતા બાળકો માટે જાહેર સ્થળો સુલભ અને ઉપયોગી બને તે સુનિશ્ચિત કરવા માટે તથા રાજયની મહાનગરપાલિકાઓનાં વિસ્તારોમાં ઝડપથી શહેરીકરણ સાથે, અવરોધ રહિત સર્વસામવેશક અને સંવેદનક્ષમ

FOR INFORMATION PURPOSE

(sensory-rich) મનોરંજન સ્થળો વિકસાવવા ની જરૂરિયાતને ધ્યાને લઇ રાજય સરકાર દ્વારા રાષ્ટ્રીય માર્ગદર્શક અને સામાજિક સમાનતાના સિધ્ધાંતોને અનુરૂપ દિવ્યાંગ વ્યક્તિઓ માટે હાલના જાહેર બગીચાઓ અને ઉદ્યાનોમાં સાર્વત્રિક સુલાભતાની સુવિધાઓ અને જરૂરી રોગનિવારક વાતાવરણને પ્રોત્સાહન આપવા માટે રાજયની મહાનગરપાલિકાઓમાં સુગમ્ય સંવેદનક્ષમ બગીચાઓ (Accessible Sensory Gardens) નાં વિકાસ માટે "સુગમ્ય ઉદ્યાન યોજના" શરૂ કરવા માટે વર્ષ-૨૦૨૬-૨૦૨૭ નાં અંદાજપત્રમાં નવી બાબત તરીકે જોગવાઈ કરવામાં આવેલ છે. જેથી ઉપરોકત બાબતે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી તથા ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશ્નરશ્રીએ આપેલ સુચન તથા આજની સમિતિમાં ચર્ચા વિચારણા બાદ મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલ ડુંગરા ગામ તળાવ ખાતે "સુગમ્ય ઉદ્યાન" (દિવ્યાંગ વ્યક્તિઓ માટેનાં બગીચા) બનાવવા સર્વાનુમતે ઠરાવવામાં આવે છે. જે કામે સરકારશ્રીના ધારાધોરણ મુજબ ઉપલબ્ધ ગ્રાંટમાંથી કન્સલ્ટન્ટ મારફતે DPR તૈયાર કરાવી નોડલ અને અમલીકરણ એજન્સી ગુજરાત શહેરી વિકાસ મિશન (GUDM), ગાંધીનગરને દરખાસ્ત કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે. તથા તેને બહાલી અર્થે આગામી સ્થાયી સમિતિમાં રજુ કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

**સર્વાનુમતે મંજુર, ઠરાવ નં. ૧**

**કામ નં. ૦૨ – વાપી મહાનગરપાલિકા વિસ્તારમાં સરકારશ્રીની ગાઈડલાઈન્સ મુજબ જી.એસ.ટી. ભવનથી ચલા ઝંડાચોક થઈ આલોક ઈન્ડસ્ટ્રીઝ તરફ જતા રોડને લાગુ જગ્યામાં લીનીયર પાર્ક ડેવલોપમેન્ટ કરવાના કામે ડી.પી.આર તૈયાર કરી સરકારશ્રીમાં જરૂરી દરખાસ્ત કરવા બાબત.**

વાપી મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશ્નરશ્રી દ્વારા ઉક્ત વિષય અન્વયેની દરખાસ્ત આજની સભામાં રજુ કરવામાં આવેલ જેમાં જણાવ્યા મુજબ ગુજરાત સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો તા.૧૫-૦૫-૨૦૨૬નો ઠરાવ ક્રમાંક UDUHD/BGT/e-File/18/2025/8149/DH, તથા તા.૧૬-૦૭-૨૦૨૬ નો ઠરાવ ક્રમાંકઃ UDUHD/BGT/e-File /18 /2025 /8149/DH હેઠળના પત્રથી નાયબ સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર દ્વારા રાજ્યની મહાનગરપાલિકાઓમાં નદી તથા કેનાલના કિનારા પર, ડ્રેનેજ કોરીડોર, રોડ રસ્તા પરના માર્જીનની જગ્યા પર અને યુટીલિટી બકર્સ જેવા ઘણા ઓછા ઉપયોગમાં લેવાતી લીનીયર જમીન પર મનોરંજન સુવિધાઓ, બિન-યંત્રિત વાહનવ્યવહાર જેવા કે વોકીંગ ટ્રેક અને સાયકલીંગ ટ્રેક સુવિધાઓ, શહેરી જૈવવિવિધતામાં વધારો, વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા અને શહેરની સુંદરતામાં વધારો કરવાની સાથો સાથ રાષ્ટ્રીય અને રાજ્ય પ્રાથમિકતાઓ અનુસાર આબોહવાને અનુરૂપ શહેરી માળખાને પ્રોત્સાહન આપવા, હરિયાળા આવરણને વધારવા અને ટકાઉ શહેરી ગતિશીલતાને પ્રોત્સાહન આપવાની જરૂરીયાતના ઉદ્દેશ્યથી રાજ્યમાં ગ્રીન કોરિડોરનો વ્યાપ વધારવા મહાનગરપાલિકા વિસ્તારમાં લીનીયર પાર્કનો વિકાસ

FOR INFORMATION PURPOSE

**વાપી મહાનગરપાલિકાની ગૃહ નિર્માણ અને ઉદ્યાન સમિતિની કાર્યવાહી નોંધ**

**તા.૦૨/૧૧/૨૦૨૬**

સને ૨૦૨૬-૨૭ના અંદાજપત્રમાં નવી બાબત તરીકે જોગવાઇ કરવામાં આવેલ છે. તથા તે અંગેના જરૂરી પ્રોજેકટ બનાવી દરખાસ્ત કરવા જણાવેલ છે. જે અન્વયે આજની સભામાં થયેલ ચર્ચા વિચારણા મુજબ વાપી મહાનગરપાલિકા વિસ્તારમાં હાલે GST ભવન થી કસ્ટમ રોડ થઇ આલોક કંપની તરફ જતા રોડનાં નવિનીકરણની કામગીરી હાલે પ્રગતિ હેઠળ છે. જે રોડ ઉપર રસ્તાને લાગુ ફૂટપાથ, ગ્રીન પેચ તથા લાઈટીંગ જેવા કોમ્પોનન્ટ કરી શકાય એમ હોય જેથી ઉપરોકત વિગતો ધ્યાને લઇ સદર પેચ લીનીયર પાર્ક તરીકે ડેવલપ કરવામાં આવે તો  નાગરિકોને સારી પેડેસ્ટ્રીયન ફેસીલીટી તથા ગ્રીન પેચ ઉપલબ્ધ કરાવી શકાય એમ છે. જેથી GST ભવન થી કસ્ટમ રોડ થઇ આલોક કંપની તરફ જતા રોડ વાળી જગ્યામાં લીનીયર પાર્ક તરીકે ડેવલપ કરવાના કામે મંજૂરી આપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે. તથા સરકારશ્રીના ધારાધોરણ મુજબ ઉપલબ્ધ ગ્રાંટમાંથી કન્સલ્ટન્ટ મારફતે DPR તૈયાર કરાવી નોડલ અને અમલીકરણ એજન્સી ગુજરાત શહેરી વિકાસ મિશન ( GUDM), ગાંધીનગરને દરખાસ્ત કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે. તથા તેને બહાલી અર્થે આગામી સ્થાયી સમિતિમાં રજુ કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

**સર્વાનુમતે મંજુર, ઠરાવ નં. ૨**

વધુમાં આજની સભામાં ઉપરોક્ત કામગીરી મંજુર કરવામાં આવેલ છે. પરંતુ જયારે અન્ય ફંડની ફાળવણી કરવામાં આવે તો ઉપરોક્ત કામગીરી સિવાય (૧) સલવાવ NH-૪૮થી મુખ્ય રોડ થઇ સલવાવ વોર્ડ કચેરી સુધી (૨) છીરી થી બલીઠા કેનાલ રોડ કામ લેવાનું નક્કી કરવામાં આવે છે.

**-સહી-**

**(દેવલ દિપકભાઈ દેસાઈ)**

**ચેરપર્સન, ગૃહ નિર્માણ અને ઉદ્યાન સમિતિ**

**વાપી મહાનગરપાલિકા**

FOR INFORMATION PURPOSE